# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો
2. રાજ્યના અનુસૂચિત જાતિના યુવાનોને 75 દિવસની તાલીમ આપીને અગ્નિવીર માટે તૈયાર કરાશે.
3. કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ, જિલ્લા પ્રમુખોને જવાબદારી આપી તેમના હાથ વધુ મજબૂત કરવા અનુરોધ કર્યો.
4. રાજ્યમાં આજે બનેલી અકસ્માતની બે ઘટનામાં 6 લોકોનાં મોત
5. સોમનાથ, નડાબેટ, વડનગર અને મોઢેરા માટે GSRTC એસી વોલ્વો બસમાં વિશેષ ટુર પેકેજ શરૂ કરાશે.

-------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RUSHIKESH - DA

સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં પણ 6 ટકાનો વધારો કરાયો છે. પહેલી જાન્યુઆરી, 2025થી મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ મળશે.

આ નિર્ણય અંતર્ગત છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્યસેવા અને પંચાયત સેવા તથા અન્ય મળી 4 લાખ 78 હજાર કર્મચારીઓ અને 4 લાખ 81 હજાર પેન્શનર્સને લાભ મળશે.

(બાઇટ: ઋષિકેશ પટેલ)

. . . . . . . . . . . . .

# CABINET BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં વર્ષ ચાલુ નાણાકીય વર્ષના અંદાજપત્રમાં મંજૂર કરેલી બાબતોની સમીક્ષા કરવામાં આવી. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, નાણાં વિભાગ દ્વારા અંદાજપત્રની 3 લાખ ૭૦ હજાર કરોડથી વધુની રકમમાં 99 ટકા જેટલી ચાલુ બાબતો અને 77 ટકા નવી બાબતોની મંજૂરી આપવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .

## AGNIVEER

'સૂબેદાર રામજી સકપાલ યોજના' હેઠળ રાજ્યના અનુસૂચિત જાતિના યુવાનોને 75 દિવસની તાલીમ આપીને અગ્નિવીર માટે તૈયાર કરાશે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આ વર્ષે 51 લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

આ યોજના હેઠળ રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા અનુસૂચિત જાતિના પસંદગી પામેલા 150 તાલીમાર્થીઓને 75 દિવસ માટે તાલીમ અપાશે. આ ઉપરાંત દર મહિને એક હજાર રૂપિયા લેખે બે હજાર 500 રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે. આ યોજના માટે સાડા સત્તર વર્ષથી 21 વર્ષ સુધીના ધોરણ-10 પાસ યુવાનોની પસંદગી કરાશે. આ માટે અરજીની સંપૂર્ણ પ્રક્રિયા ઓનલાઈન રાખવામાં આવી છે.

. . . . . . . . . . . . . .

## RAHUL GANDHI GUJARAT

લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આજે અરવલ્લી જિલ્લાના મોડાસામાં જિલ્લા કાર્યકર્તા સંમેલનમાં સંબોધન કર્યું અને જિલ્લા સંગઠનને મજબૂત બનાવવા માટે સ્થાનિક નેતાઓને જવાબદારી આપવા પર ભાર મૂક્યો.

શ્રી ગાંધીએ કહ્યું કે ગુજરાતે કોંગ્રેસને ગાંધીજી, સરદાર પટેલ જેવા સૌથી મોટા નેતા આપ્યા હતા.

(બાઇટ: રાહુલ ગાંધી)

અગાઉ, શ્રી ગાંધીએ મોડાસા ખાતેથી સંગઠન સર્જન અભિયાનનો આરંભ કરાવ્યો. તેમણે મોડાસા અતિથિ ગૃહ ખાતે વરિષ્ઠ આગેવાનો સાથે બેઠક યોજી હતી. તેમણે મોડાસા બાયપાસ માર્ગ પર આવેલા B.A.P.S. સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે જિલ્લાના એક હજાર 200 બૂથ કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . .

# ACCIDENT update

રાજ્યમાં આજે રાજકોટ અને મહીસાગર જિલ્લામાં બનેલી અકસ્માતની વિવિધ બે ઘટનામાં 6 લોકોનાં મોત થયા છે.

રાજકોટમાં ઇન્દિરા સર્કલ પાસે સિટી બસના ચાલકે અનેક વાહનોને અડફેટે લેતા ચાર લોકોના મોત થયા છે. અમારા રાજકોટના પ્રતિનિધિ જણાવે છે કે 150 ફૂટ રીંગ રોડ પર પસાર થઈ રહેલી સિટી બસના ચાલકે એક પછી એક વાહન ચાલકોને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટના અંગે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું. આ ઘટનાના મૃતકોના પરિવારજનોને રાજકોટ મહાનગરપાલિકાએ 15-15 લાખ રૂપિયાની સહાય તેમજ ઈજાગ્રસ્તોને બે-બે લાખ રૂપિયાની સહાય જાહેર કરી છે.

બીજી તરફ મહીસાગર જિલ્લાના કાનેસર ગામમાં મહીસાગર નદીમાં ડૂબી જતાં બે લોકોના મોત થયા છે. નદીમાં ન્હાવા જતા આ ઘટના બની હતી.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SOMNATH-NADABET TOUR

ગુજરાત એસ ટી નિગમ દ્વારા સોમનાથ દર્શન અને નડાબેટ, વડનગર અને મોઢેરા માટે એસી વોલ્વો બસમાં વિશેષ ટુર પેકેજ શરૂ કરાશે. આ નિર્ણયથી રાજ્યના પ્રવાસીઓને વાજબી ભાવે ધાર્મિક અને સાંસ્કૃતિક સ્થળોની આરામદાયક મુલાકાતનો લાભ મળશે. સોમનાથ દર્શન ટુર પેકેજ અંતર્ગત આગામી 28 એપ્રિલથી રાણીપ, અમદાવાદથી નિયમિત ધોરણે સવારે 6 કલાકે અદ્યતન એ.સી. વોલ્વો બસ ઉપડશે, સાંજે 4 કલાકે સોમનાથ પહોંચશે અને બીજા દિવસે પરત ફરશે.

આ અંગે જી એસ આર ટી સી ના અધિકારી આર.ડી.ગલચરે વધુ માહિતી આપતા જણાવ્યું કે, આ માટે સિંગલ શેરિંગ માટે પ્રતિ વ્યક્તિ 4 હજાર રૂપિયા અને ડબલ શેરિંગ માટે 7 હજાર 50 રૂપિયાનું પેકેજ નક્કી કરાયું છે. નડાબેટ, વડનગર અને મોઢેરા ટુર પેકેજ અંતર્ગત આગામી 26 એપ્રિલથી દર શનિવાર અને રવિવારે એ.સી. વોલ્વો બસ ઉપડશે.

(બાઇટ: આર.ડી.ગલચર)

. . . . . . . . . . . . .

## Akashvani  Foundation Day

આકાશવાણી અમદાવાદનો આજે 76મો સ્થાપના દિવસ છે. 16 એપ્રિલ 1949ના રોજ આકાશવાણીનું અમદાવાદ કેન્દ્ર અસ્તિત્વમાં આવ્યું હતું, જે ગુજરાતમાં રેડિયો પ્રસારણના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમા ચિન્હ સાબિત થયું છે.

1949માં અમદાવાદમાં સ્થપાયેલું આ કેન્દ્ર ગુજરાતના લોકો માટે માહિતી, મનોરંજન અને સાંસ્કૃતિક જાગૃતિનું માધ્યમ બન્યું છે. આજે પણ આકાશવાણી અમદાવાદ ગુજરાતી તેમજ સિંધી ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યના પ્રચાર-પ્રસારમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

આકાશવાણી અમદાવાદના કાર્યક્રમોમાં સમાચાર, સાંસ્કૃતિક કાર્યક્રમો, ખેતીવાડીને લગતી માહિતી, શૈક્ષણિક કાર્યક્રમો અને સંગીતનો સમાવેશ થાય છે, જે ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોના શ્રોતાઓમાં આજે પણ લોકપ્રિય છે.

. . . . . . . . . . . . .

## BHAVNAGAR - BAL VIVAH

ભાવનગરમાં દેશનો સૌપ્રથમ "બાળ વિવાહ મુક્ત ભારત" કાર્યક્રમ કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તકે તેઓએ લોકોને બાળ વિવાહ બંધ કરવા અપીલ કરી હતી . તેમણે કહ્યું કે, બાળ લગ્ન દીકરીના સપનાંને આગળ વધતાં રોકે છે , સાથે જ દેશના વિકાસમાં પણ અવરોધરૂપ સાબિત થાય છે. શ્રીમતી બાંભણીયાએ કહ્યું કે, ક્યાંય પણ બાળ લગ્ન અંગેની માહિતી મળે તો ચાઇલ્ડ હેલ્પ લાઇન નંબર 1098 પણ જાણ કરવા દરેકને અનુરોધ કર્યો હતો.

(બાઇટ : નિમુબેન બાંભણીયા )

ઉલ્લેખનીય છે કે, કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ લોકોએ જિલ્લાભરમાં કોઈ બાળ વિવાહ ન યોજાય તે અંગે શપથ લઈ જનજાગૃતિ અભિયાનનો પ્રારંભ કર્યો હતો.

. . . . . . . . . . . . .

## SURENDRANAGAR - KHANIJ CHORI

સુરેન્દ્રનગરના સોનગઢ ગામમાં  કાર્બોસેલના ગેરકાયદેસર ખનન પર આજે ચોટીલા નાયબ કલેકટર, પ્રાંત અધિકારી અને તેની ટીમ દ્વારા બે અલગ અલગ સીમ વિસ્તારમાં સંયુકત દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમિયાન જેસીબી

મશીન, ડમ્પર, લોડર અને 2800 મેટ્રિક ટન કાર્બોસેલના જથ્થા સહિત આશરે 2 કરોડ 20 લાખ રૂપિયાનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . .

## EXTRA GENERAL COACH

રેલવે બોર્ડ દ્વારા યાત્રીઓની સુવિધાને ધ્યાનમાં રાખી લાંબા અંતરની ટ્રેનમાં બને બાજુ જનરલ કોચ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના ભાવનગર ડીવિઝનમાં આની શરૂઆત કરવામાં આવી છે. ભાવનગર ટર્મિનસથી ચાલતી ભાવનગર - બાંદ્રા દૈનિક સુપરફાસ્ટ ટ્રેનમાં આજથી આ સેવા શરૂ કરવામાં આવી છે. તબક્કાવાર ભાવનગરના લાંબા અંતરની તમામ ટ્રેનમાં જનરલ કોચ લગાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

## UDHNA STATION

સુરતમાં ઉધના રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ નંબર-1, 4 મહિના માટે અવરજવર માટે બંધ રહેશે. પ્લેટફોર્મ -1 પર રીડેવલપમેન્ટનાં કામ ચાલતા હોવાથી અહીં આવતી તમામ ટ્રેનોને પ્લેટફોર્મ નંબર 2, 3 અને 4 પર રોકવામાં આવશે. ઉપરાંત 7 જેટલી ટ્રેનને સૂરત રેલવે સ્ટેશનથી રવાના કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉધના સ્ટેશન પરથી મુસાફરી કરવાની યોજના બનાવનારા મુસાફરોને સંપૂર્ણ માહિતી ચકાસી મુસાફરી કરવા અનુરોધ કરાયો છે.

. . . . . . . . . . . . .